EDII

Divyabhaskar (Citybhaskar)

December 29, 2019
Pg.No.2

# રવાન્ડાના 15 ડેલિગેટને EDIIમાં આંત્રપ્રિન્યોરશિપની તાલિમ આપી

## IDC માટે સરકારે નોડલ સંસ્થા તરીકે EDIIને બનાવી



સિટી રિપોર્ટર . અમદાવાદ

ભારત અને પ્રજાસત્તાક રવાન્ડા વચ્ચે થયેલા એમઓયુ અંતર્ગત આફ્રિકાનાં દેશોમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર (EDC) સ્થાપિત કરવા માટે ભારત સરકારે નોડલ સંસ્થા ઈડીઆઈઆઈને બનાવી છે. જે અંતગર્ત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) એ રવાન્ડામાંથી 15 વ્યાવસાયિકોને રવાન્ડામાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર માટે ટ્રેનર્સ તરીકેની તાલીમ આપી હતી.

### લીડરશિપ, મેનેજમેન્ટ અને ઈનોવેશન વિશે શીખ્યા

પ્રોગ્રામ ડાયરેક્ટર ડૉ. સંજય પાલે કહ્યું કે, 'અભ્યાસક્રમની ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે જેમાં રવાન્ડાના પ્રતિનિધિઓને અભ્યાસક્રમની સાથે લીડરશિપનાં ગુણો, મેનેજમેન્ટ, ઈનોવેશન, રચનાત્મકતા અને સ્પર્ધાત્મકતા અને તક પર નજર રાખવાનું શીખવામાં આવી રહ્યું છે. રવાન્ડાના દરેક અને તમામ વ્યક્તિને ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરણા મળશે'. ટ્રેનિંગ પ્રોગ્રામમાં લેક્ચરની સાથે પ્રેક્ટિકલ એક્સપિરિયન્સ આપવા ફિલ્ડમાં લઈ જઈને ઈન્ડસ્ટ્રીઝ વિઝિટ પણ કરાવવામાં આવી રહી છે.